R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

(મો)૯૮૨૫૧૬૯૩૮૯

વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-28 • ISSUE: 03 DATE: 19-01-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) -ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭





ગાંધીનગર ખાતે યોજાયેલી વાઇબ્રન્ટ સમીટના ઉદ્‌ઘાટન પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને મુખ્યમંત્રી વિજયભાઇ રુપાણી નજરે પડે છે.

## વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટનું વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ઉદ્‌ઘાટન કર્યુ

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટની નવમી કડીનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યપાલ,મુખ્યમંત્રી,નાયબ મુખ્યમંત્રી, ૧૫ પાર્ટનર દેશોના ઉચ્ચ પ્રતિનિધિઓ,ઉઝબેકીસ્તાન,માલ્ટા,ડેન્માર્ક, ચેક રિપલ્બિકના વડાપ્રધાનો, મુકેશ અંબાણી,ગૌતમ અદાણી, સહિતના ટોચના ભારતના ઊદ્યોગપતિઓ,સીઈઓની મંચ પર ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન કર્યુ હતું.જેમાં તેમણે ભારતમાં મુડીરોકાણ કરનારાઓને વિશ્વસ્ત કર્યા હતા. તથા તેમણે ભારતમાં મુડીરોકાણને કારણે પાછળના ચારવર્ષો દરમિયાન ભારતે આર્થિક,નાણાંકીય,માળખાકીય,આરોગ્ય, પ્રવાસન, વેરાકીય સહિતના ક્ષેત્રે જે હરણફાળ ભરી છે તેના પરિણામે વૈશ્વિક ઊદ્યોગ સાહસિકો માટે ભારતમાં મુડી રોકાણનો આદર્શ સમય છે અને તક છે તે માટે આમંત્રણ આપ્યું હતું.




મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ત્રીજી વનડેમાં ભારતે સાત વિકેટે ઓસ્ટ્રેલીયાને પરાજય આપ્યો છે. આ સાથે જ ભારતે ત્રણ મેચની સીરીઝ જીતી લીધી છે ભારતે પહેલી વખત ઓસ્ટ્રેલીયામાં વન-ડે સીરીઝ પોતાના નામે કરી છે.૧૯૪૭થી ટેસ્ટ મેચ રમનારી ભારતીય ટીમે ૭૦ વર્ષે ઓસ્ટ્રેલીયાને તેમના ઘર આંગણે ટેસ્ટ સીરીઝમાં પરાજય આપ્યો છે. આ ભારતીય ટીમે વધુ એક ઈતિહાસ રચ્યો છે.૧૧ વર્ષ બાદ ભારતે મેલબોર્ન ક્રિકેટ સ્ટેડીયમમાં ઓસ્ટ્રેલીયાને પરાજય આપ્યો છે.વધુમાં મહેન્દ્રસીગ ધોનીએ ઓસ્ટ્રેલીયામાં રમાઇ રહેલી ત્રણ વનડે મેચોમાં અડધી સદી નોધાવી હતી અને જીતમાં મહત્વનો ફાળો આપ્યો હતો.તેમણે તેમની હાજરી કેટલી મહત્વની છે તે સિધ્ધ કરી દીધું છે. જેથી તેમની બાદબાકી કરનારાઓએ આ બાબતે વિચારવું જોઈએ.

## પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ એનપીએ વધારા સામે આરબીઆઇની ચેતવણી

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ નાની વેપારી સંસ્થાઓને મદદ કરવા માટેની સરકારની અગ્રણી યોજના પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ બિન કાર્યક્ષમ અસ્કયામતો(એનપીએ)માં વધારાના મામલે ચેતવણી આપી છે.

નાણાં મંત્રાલયના સુત્રોના જણાવ્યાનુસાર રિઝર્વ બેન્કે મંત્રાલયને ચેતવણી આપી છે કે આ યોજના વદુ ચલાવાશે તે તેનાથી એનપીએમાં જંગી વધારો થઈ શકે છે. જેનાથી બેન્કીંગ સિસ્ટમને ખાસ્સુ નુકશાન થશે. હાલમાં પીએમએમવાય યોજના હેઠળ બેડ લોન્સનો આંકડો ૧૧,૦૦૦ કરોડને પાર કરી ગયો છે.

પીએમએમવાયના વાર્ષિક યોજના મુજબ સ્કીમ હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮માં આ યોજના હેઠળ કુલ૨.૪૬ ટ્રીલીયનની વહેચણી કરાઈ છે.આમાંથી ૪૦ ટકા લોન મહિલા ઊદ્યોગ સાહસિકોને અપાઈ છે તો ૩૩ ટકા લોનની વહેચણી સામાજિક કેટેગરીમાં વહેચાઈ છે.આ ગાળામાં ૪.૮૧ કરોડથી વધુ નાના ઊદ્યોગ સાહસિકોએ આ યોજનાનો ફાયદો લીધો છે.

જો કે ચુંટણી નજીક આવી રહી હોવાથી સરકાર આ બાબતે ચિંતિત નથી.

## શિવસેનાને હરાવનાર પેદા જ થયા નથી : ઉદ્દવ ઠાકરે

લોકસભાની ચુંટણી અગાઉ ગઠબંધન નહી થવાની સ્થિતિમાં પોતાના પુર્વ સહયોગી પક્ષોને હરાવવા અંગે ભાજપ વડા અમિત શાહની ટિપ્પણી શિવસેનાને માફક આવી નથી. સેના પ્રમુખ ઉદવ ઠાકરેએ તેમના પર આકરા પ્રહારો કરતાં કહ્યુ હતું કે તેમની પાર્ટીને હરાવનાર હજુ સુધી જન્મ્યો નથી. ઉલ્લેખનીય છે કે શિવસેના કેન્દ્ર અને મહારાષ્ટ્રની સરકારમાં ભાજપની સહયોગી પાર્ટી છે.



અમિત શાહની ટિપ્પણીની ટીકા કરતાં ઠાકરેએ કહ્યુ હતું કે મે કોઈની પાસેથી 'પછાડી દઈશું' જેવા શબ્દો સાંભળ્યા છે. શિવસેનાને હરાવનાર હજુ જન્મ્યો નથી. ૨૦૧૯ની લોકસભાની ચુંટણી અગાઉ મોદી લહેર પર નિશાન તાકતાં ઠાકરેએ કહ્યુ કે શિવસેનાએ તેની યાત્રામાં અનેક લહેરો જોઈ છે.તેનાથી વિપરિત શિવસેનાએ ચુંટણી અગાઉ રામમંદિરનો મુદ્દો ઉઠાવ્યો હતો એ એટલા માટે કે તે આ મુદ્દાનો ચુંટણીલક્ષી ઉપયોગ કરનારાઓનો પર્દાફાશ કરી શકે.

ઠાકરેએ સવાલ કર્યો હતો કે અમને જણાવો કે કોગ્રેસ કઇ રીતે મંદિરના નિર્માણમાં અવરોધ ઊભી કરી રહી છે.કોગ્રેસને તેના કામનું ફળ ૨૦૧૪માં મળી ગયું હતું.પાર્ટીને લોકસભામાં વિપક્ષના નેતાનું પદ પણ મળી શક્યું નથી.

આમ હવે જયારે ભાજપ લોકસભા ચુંટણી પહેલાં એનડીએને મજબુત બનાવવા માટે કોશીશ કરી રહ્યું છે ત્યારે તેને સૌથી જુના સહયોગી શિવસેનાના હજુ આકરા વલણો નડી રહ્યા છે.ઉધ્ધવ ઠાકરેએ વર્લી વિસ્તારમાં એક જાહેરસભામાં ઉપરોક્ત પ્રતિક્રિયા આપી હતી.ઉદવે કહ્યુ હતું કે નીતિશકુમારની જદયુ અને રામવિલાસ પાસવાનની લોજપા જેવી ભાજપની સહયોગી પાર્ટીઓ વિરોધ કરી રહી છે ત્યારે મંદિરનું નિર્માણ કેવી રીતે થશે.ભાજપે આ મામલે તેની સ્થિતિ સ્પષ્ટ કરવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે એનડીએની સહયોગી શિવસેના ભાજપની આકરી ટીકાકાર રહી છે અને તેના પર પ્રહારો કરવાની એકપણ તક છોડતી નથી.લોકસભાની ચુંટણી વખતે બંને પક્ષો તાલમેળ કેવી રીતે રાખશે કે કેમ તે એક સવાલ છે.


### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯-

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

એલીસબ્રીજના વીએસ હોસ્પીટલ પરિસરમાં રુ.૭૫૦ કરોડના ખર્ચે ઊભી કરાયેલી અદ્યતન મેડિકલ સુવિધાથી સજ્જ અને ગુજરાતની પ્રથમ એર-એમ્બ્યુલન્સ માટે હેલીપેડની સુવિધાવાળી સરદાર વલ્લભભાઇ પટેલ પબ્લીક હોસ્પીટલનું વડાપ્રધાન મોદીના વરદ હસ્તે લોકાર્પણ થયું.અમદાવાદને એક નવી હોસ્પીટલ મળી તેનો આનંદ થયો.હોસ્પીટલમાં વિશ્વસ્તરીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઇ છે તેવી જાણકારી અપાઇ છે પરંતુ સામાન્ય જનતા સુધી તે પહોચે તે જરુરી છે.આશા રાખીએ કે વડાપ્રધાને વલ્લભભાઇ પટેલનું સપનુ પુરુ કરવા માટે જે પ્રયાસ કર્યો છે તે માટે તેમને આપણે અભિનંદન પાઠવીએ.દેશમાં મેડિકલ ઉદ્યોગ બની ગયો છે.અને તેના કારણે તબીબી સારવાર અત્યંત ખર્ચાળ બની ચુકી છે.મોભ્ભો અને ધન ધરાવતા લોકો માટે મોંઘી સારવાર ઉપલબ્ધ બને છે પરંતુ દેશની ગરીબ અને સામાન્ય જનતાને માટે આપણે ઈચ્છીએ કે સારી,સસ્તી અને ઉચ્ચ કક્ષાની સારવાર ઉપલબ્ધ બને.હોસ્પીટલમાં જે સારવાર માટેની ફી દર્શાવાઈ છે તે સામાન્ય અને ગરીબ દર્દીઑ માટે વધારે પડતી છે. જો કે વડાપ્રધાન દ્વારા અમલી યોજનાઓ દ્વારા ત્યાં સારવાર મળવાની હોય તો તે યોગ્ય ગણાશે.પરંતુ જો કે તેને કોર્પોરેટ સેકટરની માફક જ ચલાવવાની હોય તો તે માત્ર દેખાવ પુરતી ભવિષ્યમાં બની રહેશે. જુની વી.એસ.હોસ્પીટલ અનેક ગરીબો માટે સસ્તી અને સારી વ્યવસ્થા વાળી હોસ્પીટલ હતી.તેથી વિરોધ કરનારાઓને શક હોય કે નવી હોસ્પીટલમાં તેમને યોગ્ય વ્યવસ્થા મળી શકશે કેમ.

અમદાવાદ અને ગાંધીનગર હાલમાં વિદેશી મહેમાનોથી ધમધમી રહ્યા છે. નવમી વાઈબ્રન્ટ સમીટમાં દેશ વિદેશથી અનેક મહેમાનો આવ્યા છે. તેમને માટે યોગ્ય વ્યવસ્થાઓ અને સમારંભોથી અમદાવાદ અને ગાંધીનગરની પ્રજા ચકાચોંધ છે.ટ્રાફિક અડચણમાંથી માર્ગ કાઢવો કપરો જણાય છે. પરંતુ જે પ્રકારે આયોજન કરવામાં આવેલા છે તેનાથી નાગરિકો ખુશ ખુશાલ દેખાય છે. લોકોને ઉત્સવો અને સમારંભો ગમતા હોય છે. અને આયોજકોને પણ તેમાં ભારે રસ હોય છે. માત્ર તમામ આયોજનોમાં પીસાતા સરકારી કર્મચારીઓ મને કમને તેમાં જોડાતા હોય છે અને પરિણામે કેટલીક વખતે અવ્યવસ્થાઓ ઉભી થતી જોવા મળે છે.એટલા બધા વીઆઈપીઓનો મેળાવડો છે તેનાથી અનેક સીક્યુરીટી વગેરના પ્રશ્નો સામે સતત આ લોકોને પોતાને જોતરવાની હોય છે.પરિણામે જ્યારે આ સમિટનું સમાપન થશે ત્યારે તેઓને હાશ થશે.દેશમાં પધારેલા મહેમાનો માટે ભોજનથી લઈને રહેવા અને ફરવામાં કોઈ કચાશ રખાઈ નથી.ફાઈવ સ્ટાર વ્યવસ્થા અપાઈ છે.વિવિધ પ્રકારના વ્યંજનો પીરસાયા છે.ગુજરાતની મહેમાનગતિથી મહેમાનો ગદગદિત થઈ ગયા છે.જો કેઆપણે તેમને અહીયાં ઈન્વેસ્ટમેન્ટ કરવા માટે બોલાવ્યા હતા જ્યારે કેટલાક દેશોના પ્રતિનિધિઓ તેમને ત્યાં રોકાણ કરવા અને ઊદ્યોગો સ્થાપવા માટેનું માર્કેટીંગ કરતા હતા.નાના દેશોને આવું માર્કેટીંગ કરવાનું પોષાય નહી પરંતુ આપણે સામે ચાલીને આપેલી તક તેઓ વેડફી દે તેટલા મુર્ખ નથી તેથી તેઓએ જેટલો ઉપયોગ થાય તેટલો કર્યો.ઈન્ટરનેશનલ ફાઈવ સ્ટાર હોટેલ્સ ફેસેલીટી અને તેવી મહેમાનગતિ કરવાથી કોઈપણ જાતની સુગ લાગી નથી.નોનવેજ,અને ડ્રીક્સની પણ અધ્યતન વ્યવસ્થા પુરી પડાઈ છે આને કહેવાય ગુજરાતની મહેમાનગતિ.

છેલ્લે સરકારે સીબીઆઈમાંથી તમામ બખેડો દુર કરવા માટે તમામ અધિકારીઓને સીબીઆઈમાંથી ખદેડી મુક્યા અને તંગદીલી ઘટાડવાનો પ્રયાસ કર્યો છે.સીબીઆઇ સફાઇ અભિયાનમાં વિશેષ નિયામક રાકેશ અસ્થાના સહિતના સીબીઆઈના ચાર અધિકારીઓના કાર્યકાળમાં કાપ મુકાયો છે.અસ્થાનાને કોર્ટ તરફથી રાહત મળી નથી.કોર્ટે અસ્થાના સામે આપેલ મનાઇ હુકમ ઉઠાવી લેતાં કાયદા મુજબ કાર્યવાહી કરવાનો માર્ગ મોકળો થતાં તેમની બદલી કરી દેવાઇ છે.સીબીઆઈના ઈતિહાસમાં પહેલી વાર એવું બન્યું છે કે એજન્સીના વડા સામે આ રીતે પગલાં લેવામાં આવ્યા હોય. જો કે બદલી થતાંજ આલોક વર્માંએ પોતાનું રાજીનામું આપી દીધું હતુ. હાલ પુરતું તો સરકાર સીબીઆઈના બખેડામાંથી બહાર નીકળી છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## સુપ્રીમ કોર્ટે સરકારના સીબીઆઇ ચીફને સત્તા પરથી દુર કર્યાના નિર્ણયને રદ કર્યો : આલોક વર્મા ફરીથી વડાપદે આરુઢ ફરીથી ખુરશી ખેચાઇ ગઇ



સુપ્રીમ કોર્ટે સીબીઆઈ ચીફને સત્તા પરથી દુર કરવાના સરકારના નિર્ણયને રદ કરીને સરકારને ઝાટકો આપ્યો છે.સીબીઆઈના વડાને ફરીથી કાર્યરત કર્યા છે.સુપ્રીમે વર્માને રાતોરાત તેમની સત્તાઓ આંચકીને તેમને રજા પર ઉતારી દેવાના કેન્દ્ર ના નિર્ણયને રદ કરી દીધો હતો.આલોક વર્મા અન તેમના ડેપ્યુટી રાકેશ અસ્થાના વચ્ચે ભ્રષ્ટાચારના આક્ષેપો બાદ કેન્દ્રે આ પગલું ભર્યુ હતું.જો કે વર્માને સત્તાની સોપણી બાદ પણ કોર્ટે તેમની પાંખો કાપી નાંખી છે.જ્યાં સુધી સીબીઆઈ પસંદગી સમિતિ સત્તાની સોપણી ના મુદ્દે વિચારણા ન કરે ત્યાં સુધી વર્મા કોઈ મહત્વના નીતિ વિષયક નિર્ણયો લઈ શકશે નહીં.જો વર્માંનો બે વર્ષનો કાર્યકાળ ૩૧મી જાન્યુઆરીએ પુરો થશે.કમિટીને એક અઠવાડીયામાં મળવાની સુચના આપી કોર્ટે કહ્યુ છે કે સેન્ટ્રલ વિજિલન્સ કમિશન તેમની સામે ભ્રષ્ટાચારના આરોપોમાં તપાસ કરી રહી છે.તેથી વર્માને આવરી લેતા મામલાની વિચારણા માટે પેનલનો વિકલ્પ ખુલ્લો રાખ્યો છે.કમીટીમાં વડાપ્રધાન મોદી,ચીફ જસ્ટીસ ગોગોઈ અને લોકસભાના વિરોધ પક્ષના નેતા ખડગેનો સમાવેશ થાય છે.સીબીઆઈ ડિરેક્ટરના સન્પેન્સન અથવા હાંકી કાઢવાના મામલે કાયદામાં કોઈ જોગવાઈ નથી.તેવી સ્પષ્ટતા કરતાં પસંદગી સમિતિની મંજુરીથી આવો કોઈ નિર્ણય લઈ શકાય છે.કોગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોએ સુપ્રીમ કોર્ટના નિર્ણયને આવકાર્યો છે.જો કે વર્માએ સત્તા સંભાળ્યા બાદ તેમના અન્ય સાથી કાર્યકરોની રાતોરાત કરવામાં આવેલી બદલીઓ રદ કરી નાંખી હતી.

સીબીઆઈ વિરુધ્ધ સીબીઆઈ કેગસમાં ૪૪ પાનાનો ચુકાદો આપતાં ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના વડપણ હેઠળની ત્રણ જજની બેન્ચે વર્માની સત્તાઓ આંચકીને સીબીઆનઈી કામગીરી પર દેખરેખ રાખવાની સત્તા જોઈન્ટ ડિરેક્ટર એમ.નાગેશ્વર રાવને સોપી દેવાના ૨૩ ઓક્ટો.૨૦૧૮ના રોજના સીવીસી અને ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેઈનીંગના આદેશોને રદબાતલ કરી દીધા છે.જસ્ટીસ એસ કે કોલ અને કે એમ જોસેફની બનેલી બેન્ચે કહ્યુ હતું કે અમને આ આદેશ આપતાં યોગ્ય લાગે છે કે સીબીઆઈના ડિરેક્ટરપદે આરુઢ થયા બાદ વર્માએ કમિટિનો નિર્ણય ન આવે ત્યા સુધી મહત્વના નીતિવિષયક નિર્ણયો નહીં લઈ શકે.

## ભાજપ ઇવીએમ સાથે ગઠબંધન કરે છે એટલે એકલા હાથે ચુંટણી લડી શકે : શિવસેના

આગામી લોકસભાની ચુંટણી અગાઉ શિવસેના અને ભાજપ વચ્ચે વાકયુધ્ધ જારી છે. ભાજપના અધ્યક્ષ અમિત શાહના નિવેદન અંગે વળતો પ્રહાર કરીને શિવસેનાએ કહ્યુ હતું કે ચુંટણી પુર્વે ગઠબંધન વિશે ભાજપ પ્રમુખના નિવેદનથી એ સ્પષ્ટ છે કે તેમને હિદુત્વમાં વિશ્વાસ ધરાવતા લોકો સાથે કામ કરવામાં રસ નથી.ભાજપને ઈવીએમ પર ભરોસો છે.અને તેની સાથે ગઠબંધન કરશે.તેથી શિવસેનાએ એકલા હાથે જ ચુંટણી લડવા તૈયાર છે.

એનડીએના સૌથી જુના સાથીપક્ષ શિવસેનાએ સ્પષ્ટ કર્યુ હતું કે ભાજપનું વલણ સારુ નથી. અમિત શાહે મહારાષ્ટના લાતુરમાં શિવસેનાનું નામ લીધા વિના ચેતવણી આપી હતી ખે જો ગઠબંધન થાય છે તો પાર્ટી પોતાના સહયોગી દળોની જીત સુનિશ્ચિત કરશે. અને જો એનું ન બને તો પાર્ટી આગામી લોકસભાની ચુંટણીમાં પોતાના પુર્વ સહયોગીઓને કારમો પરાજય આપશે.

શિવસેનાના પ્રવકતા એક નિવેદનમાં જણાવ્યુ હતું કે અમિત શાહના ઉશ્કેરણી જનક નિવેદને તેમની અને પાર્ટીની વિચારસરણી સામે લાવી દીધી છે. શિવસેનાએ કહ્યુહતું કે ભાજપ હિદુત્વમાં વિશ્વાસ રાખતા લોકોને ઈચ્છતી નથી.

ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડવનીશે ભાજપ કાર્યકર્તાઓને રાજ્યની ૪૮ લોકસભા સીટોમાંથી ૪૦ પર જીત મેળવવાનું લક્ષ્ય આપ્યું છે.આ પહેલા અમિત શાહે મરાઠાવાડમાં ભાજપના બુથ સ્તરના કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા.આ દરમિયાન ભાજપ અધ્યક્ષે કહ્યુ હતું કે પાર્ટી કાર્યકર્તાઓએ



ગઠબંધનની સંભાવનાના ભ્રમથી દુર રહેવું જોઈએ.

જો કે બોઉ પક્ષોના આપસી ભડકાઉ નિવેદનોને કારણે કાર્યકર્તાઓને મુઝવણ પેદા થઈ છે.




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો**


જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્કીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્ક્રીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

## સવર્ણોને અનામત આપી છે પણ નોકરીઓ ક્યાં છે? શિવસેના



દેશના સામાન્ય વર્ગના આર્થિક રીતે કમજોર લોકોને ૧૦ ટકા અનામત આપવાના પ્રસ્તાવ સંસદના બેઉ ગૃહોમાં પસાર થઈ ગયા છે. એના એક દિવસ બાદ શિવસેનાએ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારને સવાલ કર્યો છે કે નોકરીઓ ક્યાં છે ? અને ક્યાંથી આવશે ? શિવસેનાએ આ સાથે ચેતવણી આપી છે કે જો આ ચુંટણી વર્ષની ચાલ છે તો મોંઘી સાબિત થશે. શિવસેનાએ વધુમાં કહ્યુ કે મરાઠા સમુદાયને મહારાષ્ટ્રમાં અનામત અપાઇ છે પરંતુ સવાલ હજુ એ યથાવત છે કે નોકરીઓ ક્યાં છે ?

શિવસેનાએ પોતાની પાર્ટીના મુખપત્ર સામનાના એક તંત્રી લેખમાં કહ્યું છે કે જ્યારે સત્તામાં બેઠેલા લોકો રોજગારી અને ગરીબી બંને મોરચે નિષ્ફળ થાય છે ત્યારે તે અનામતનું કાર્ડ ખેલે છે.

## કોફી વિથ કરણ ચેટ શોમાં મહિલા વિરુધ્ધ કોમેન્ટને કારણે હાર્દિક અને રાહુલ મેચમાં રમવા સામે પ્રતિબંધ મુકાયો

ટીવી પર આવતા એક ચેટ શોમાં મહીલાઓ માટે અભદ્ર ટીપ્પણી કરવાનું ભારતીય ક્રિકેટર હાર્દિક પંડ્યા અને લોકેશ રાહુલને ભારે પડ્યું છે.બીસીસીઆઈની કમિટિએ બંને ખેલાડીઓને ઓસ્ટ્રેલીયામાં રમાઇ રહેલી વનડે મેચમાં પ્રતિબંધ મુક્યો છે.કોફી વિથ કરણ નામના ચેટ શોમાં ટીમ ઈન્ડીયા ના ઓલ રાઉન્ડર હાર્દિક પંડ્યા અને લોકેસ રાહુલ મહિલાઓ માટે અભદ્ર ટિપ્પણી કરી હતી. એ પછી આ બંન્ને ખેલાડીઓને શોકોઝ નોટીસ આપવામાં આવી હતી.

જો કે સોશ્યલ મીડીયામાં સમગ્ર મામલો છવાઈ જતાં હાર્દિક પંડ્યો લોકોની માંફી માંગી હતી.જો કે તેણે પોતાના માતાપિતા ખુલ્લુ મન ધરાવતા હોવાનું જણાવીને તેમને પણ નીચાજોણું કરાવ્યું છે.પરિણામે આ બંને ખેલાડીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવાયા છે.અને ઓસ્ટ્રેલીયામાં ટીમના સભ્યોએ આ બે ખેલાડીઓની કમીથી ટીમને તેની કોઇ અસર થશે નહીં તેવું પણ જણાવ્યુ છે.હવે આ ખેલાડીઓની કારકીર્દીમાં એક પ્રશ્નાર્થ જરુરથી સર્જાશે.

તેમની પસદંગી આગળની મેચોમાં થશે કે કેમ તે એક સવાલ બની ગયો છે.તેમનું ભવિષ્ય રોળાઇ જાય તો નવાઇ નહી લાગે.

## સરકારી બેન્કોએ મીનીમમ બેલેન્સના નામે રૂ.૧૦,૦૦૦ કરોડ ગ્રાહકો પાસેથી સેરવી લીધા

સરકારી બેન્કોએ છેલ્લા સાડા ત્રણ વર્ષમાં રુ.૧૦,૦૦૦ કરોડની રકમ ગ્રાહકો પાસેથી વિવિધ બહાનાઓ હેઠળ સેરવી લીધી છે.આ રકમ સેવિંગ એકાઉન્ટમાં લઘુત્તમ બેલેન્સ ન રાખવા અને એટીએમ વિડ્રોલ પર વસુલ કરાતાં ચાર્જ થકી એકત્ર કરાઇ છે. સરકારે સંસદમાં આપેલા ડેટામાંથી આ માહીતી મળી છે.સંસદમાં પુછવામાં આવેલા સવાલના જવાબમાં આ માહીતી મળી છે.સરકારે કહ્યુ કે વર્ષ ૨૦૧૨સુધી માસિક સરેરાશ બેલેન્સ પર સ્ટેટ બેન્ક ચાર્જ વસુલ કરી રહી હતી. પરંતુ ૩૧ માર્ચ,૨૦૧૬ પાછી આ બંધ કરી દેવાયું હતું.જો કે ખાનગી બેન્કો સહિત અન્ય બેન્ક પોતાના બોર્ડના નિયમો મુજબ આ ચાર્જ વસુલ કરી રહ્યા છે. એસબીઆઇએ પહેલી એપ્રિલ ૨૦૧૭થી આ વધારાનો ચાર્જ વસુલ કરવાનું શરુ કરી દેવાયું છે.જો કે પહેલી ઓકટો. મિનીમમ બેલેન્સમાં રાખવામાં આવેલી રકમને ઓછી કરી દેવાઇ છે. જો કે બેઝિક સેવિંગ્સ બેન્ક એકાઉન્ટસ અને જન-ધન બેન્ક એકાઉન્ટમાં મીનીમમ બેલેન્સ રાખવાની કોઇ જરુર નથી.તેનાથી અલગ જોવામાં આવે તો છેલ્લા સાડા ત્રણ વર્ષમાં સરકારી બેન્કોએ રુ.૧૦,૦૦૦ કરોડ ગ્રાહકોના ખાતામાંથી સેરવી લીધા છે.

આ ઉપરાંત ખાનગી બેન્કોએ પણ આ માર્ગો થકી મોટી રકમ વસુલી લીધી છે.જો કે સરકારના લેખિત જવાબમાં ખાનગી બેન્કો દ્વારા એકત્રીત કરાયેલ રકમનો કોઇ ડેટા મળેલ નથી.નાણાં મંત્રાલયે જણાવ્યુ હતું કે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાએ બેન્કોને તેમના બોર્ડ મુજબ વિવિધ સેવાઓ પર ચાર્જ વસુલ કરવાની મંજુરી આપી છે. જો કે બેન્કોને નિર્દેશ અપાયો છે કે તેમના ચાર્જ યોગ્ય હોવા જોઇએ.આરબીઆઇએ એવી પણ સુચના આપી છે કે મેટ્રોના છ શહેરો મુંબઇ,નવી દિલ્હી,ચેન્નાઇ, કોલકોત્તા, બેંગલુરુ અને હૈદ્રાબાદમાં એક મહિનામાં અન્ય બેન્કોના એટીએમમાંથી ત્રણ ટ્રાંઝેકશન અને બેન્કના એટીએમમાંથી ઓછામાં ઓછા પાંચ ટ્રાઝેકશન મફત કે ફી પછી બેન્ક પોતાના બોર્ડથી મજુર થયેલ નિયમો મુજબ ટ્રાંઝેકશન દીઠ મહત્તમ રુ.૨૦ની વસુલાત કરી શકશે.જવાબમાં એવું બતાવાયું છે કે સરકારી બેન્કોને પોતાનુ એટીએમ બંધ કરવાની કોઇ યોજના નથી. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસોથી એવી ચર્ચાઓએ જોર પકડ્યું છે કે માર્ચ ૨૦૧૯થી સરકારી બેન્કો તેમના ૫૦ ટકા એટીએમ બંધ કરી દેશે

એલીફન્ટ સીલ દસ મિનિટ જેટલા સમય સુધી પોતાનો શ્વાસ રોકી શકે છે.

કોઇ પણ દરિયાઇ જીવ આટલો લાંબો સમય સુધી શ્વાસ રોકી શકતું નથી.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં.૯૯૨૫૨૭૪૧૭૫


## સવર્ણ ગરીબો માટે ૧૦ ટકા અનામત : લોકસભાની ચુંટણી પહેલાં મતદારોને આર્કષવાનો એક કીમીયો

અનામતની જોગવાઈ ૫૦ ટકાથી વધી શકે નહીં તેવો કાનુનના જાણકારોનો મત છે. અને આવા કેસો સુપ્રીમ કોર્ટમાં ટકી શકે તેમ હોતા નથી.કાયદાના જાણકાર અને સુપ્રીમ કોર્ટના વકીલ એમ.એલ.લાહોરી માને છે કે ૧૯૯૨માં ઈન્દીરા શાહની જજમેન્ટ પ્રમાણે કોઈપણ સરકાર ૫૦ ટકાથી વધુ અનામત આપી શકે નહીં. તે વખતે સુપ્રીમ કોર્ટની ૯ જજોની બેન્ચે ઐતિહાસિક નિર્ણય આપીને કહેલું કે અનામતની મર્યાદા ૫૦ ટકાથી વધી શકે નહીં.સુપ્રીમ કોર્ટે કહેલું કે સંવિધાનના અનુચ્છેદ ૧૬(૪) પ્રમાણે પછાતપણાનો અર્થ સામાજિક પછાતપણું છે. શૈક્ષણિક તેમજ આર્થિક પછાતપણું એક કારણ હોઈ શકે છે.પણ અનુચ્છેદ ૧૬(૪)માં સામાજીક પછાતપણાની જ વાત કરવામાં આવેલી છે.અગાઉ રાજ્ય સરકારો દ્વારા અનામતની મર્યાદા ૫૦ ટકા ક્રોસ કરી ગઇ ત્યારે સુપ્રીમે તેને રદ કરી નાંખી હતી.રાજસ્થાન સરકારે પણ સ્પેશિયલ બેકવર્ડ કલાસની મર્યાદા ૫૦ ટકાથી પાર કરી દીધી હતી. ડિસેમ્બર ૨૦૧૪માં સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઇકોર્ટના આદેશમાં હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કર્યો હતો જેમાં મરાઠાઓને નોકરીઓ અને શિક્ષણમાં અનામત માટે મહારાષ્ટ્રની સરકારે ૧૬ ટકા અનામતની જોગવાઇ રદ કરી દીધી હતી.

સંવિધાનના અનુચ્છેદ ૧૬ અન્વયે સમાનતાની અને સૌને સમાન અવસરની વાત છે.બંધારણના મુળ માળખાનો આ એક ભાગ છે. જો ૫૦ ટકાથી વધુ અનામત થઈ જાય તો બંધારણની આ કલમ સુધારવી પડે. જો તેમ કરવું હોય તો બંધારણની ૯મી અનુસુચિમાં અનામતની જોગવાઇને રાખીને તેને ન્યાયિક ચકાસણીમાંથી પસાર થતી બચાવી શકાય. જો કે તોપણ આ મામલો ન્યાયિક ચકાસણીની બહાર રહી શકતો નથી.વાસ્તવમાં ૯મી અનુસચિમાં રાખીને કોઇ કાયદો બનાવી શકાય નહી.ન તો તેમાં સુધારો કરી શકાય જે મુળ માળખાને નુકશાન કરતો હોય. કેશવાનંદ ભારતી સબંધિત કેસમાં સુપ્રીમ કોર્ટના ૧૩ જજોની બંધારણીય બેન્ચે બંધારણના મુળ માળખામાં છેડછાડ ન થઈ શકે તેવો ચુકાદો આપ્યો છે.

જો કે આ તમામ બાબતોને બાજુ પણ રાખીને ૨૦૧૯માં આવનારી લોકસભાની ચુંટણીમાં મોદી સરકારે દેશના આર્થિક રીતે ગરીબ એવા સવર્ણ સમુદાય માટે ૧૦ ટકા અનામતનો નિર્ણય લીધો છે.સરકારી નોકરીઓ તેમજ ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોમાં પ્રવેશ માટે સવર્ણ ગરીબ વર્ગના લોકોને આ અનામતોનો લાભ આપવામાં આવશે. અને તેના થકી બંધારણમાં જરુરી સુધારા કરવામાં આવશે.સવર્ણ ગરીબો માટેની અનામતમાં એસસી,એસટી કે ઓબીસી અનામતની જેમ જાતિ-જ્ઞાતિની કોઇ કેટેગરી નહીં હોય અને આવકના જ સ્ત્રોત ધ્યાનમાં રાખીને ક્વોટા નક્કી કરાશે.

તાજેતરમાં પાંચ રાજ્યોની વિધાનસભાની ચુંટણીઓમાં ભાજપને મળેલા પરાજય બાદ તેમને લોકસભાની ચુંટણીઓમાં ૨૦૧૪ની જેમ વિજય મળે તેમ નથી તેવું લાગતા આવા અવનવા દાવ ખેલવાનુ શરુ કર્યું છે.સર્વણ અનામત આર્થિક આધાર પર સરકાર લાવી રહી છે જેથી અત્યારે બંધારણમાં વ્યવસ્થા જ નથી.જો કે સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ કેટીએસ તુલસીએ સરકારના આ નિર્ણયને સામાન્ય જનતાને મુર્ખ બનાવતો નિર્ણય ગણાવ્યો છે.

સાઉદીમાં એક સ્ત્રીએ પોતાના પતિને દેખતો કરવા પોતાની એક આંખ આપી હતી, પછી પતિને એક આંખવાળી પત્ની ન ગમવાથી તેણે બીજા લગ્ન કર્યા હતા.

લુઇ સોળમા સામે ફ્રાંસમાં ક્રાંતિ થઇ હતી.તે સમયે એક શહીદની પુત્રીના ચિત્રના સોથબીન લીલામમાં સાઇઠ લાખ ડોલર ઉપજ્યા હતા.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૪૫૧૮૩૬૭




ઓસ્ટ્રેલીયામાં ભારત વિરુધ્ધ રમાઈ રહેલ ટેસ્ટ મેચ,વનડે અને ટવેન્ટી ટ્વેન્ટી ક્રિકેટ મેચોમાં ભારતીય ટીમનો દબદબો રહ્યો હતો. ટેસ્ટ મેચની સીરીઝ અને વનડે મેચની સીરીઝ જીતી લઈને ભારતીય ટીમે ઈતિહાસ રચ્યો હતો.વિરાટ કોહલીની આગેવાની હેઠળ ભારતીય ટીમનું પ્રદર્શન શાનદાર રહ્યુ હતું. ભુતપુર્વ કપ્તાન મહેન્દ્ર સીંગ ધોનીનું યોગદાન જબરજસ્ત રહ્યુ હતું. તેમણે ત્રણેય વનડે મેચોમાં અડધી સદી નોધાવી ઉપરાંત ભારતની ટીમની જીતનો જશ ખાટ્યો હતો.

## કેન્દ્રની સરકાર પર આરએસએસના વડા ભાગવતે ટીકા કરતાં ભાજપની મુંઝવણો વધી

મોદી સરકારની આર્થિક નીતિઓ સામે નારાજગી વ્યક્ત કરતાં આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યુ હતું કે દેશમાં બેરોજગારી અને મોંઘવારી વધી છે. અને તેની અસર દરેક નાગરિકને ભોગવવી પડશે.દરેક જણને સરકારી નીતિઓ અસર કરતી હોય છે હું તમારા માટે કોઇ નીતિ તૈયાર કરતો નથી. પણ આપણે બધાએ તે ભોગવવું પડશે. મોંઘવારી વધી છે. તેને મે કે તમે વધારી નથી. પણ આપણે બધાએ તેને સહન કરવી પડશે. બેરોજગારી વધી છે તેને પણ મે કે તમે વધારી નથી પણ સહન તો આપણે જ કરવાની છે.તેથી હું કહું છું કે આ રીતે સહન કરતાં આપણે આ દેશમાં રહેવાનું શીખી જવું પડશે. તેમ ભાગવતે નાગપુરમાં પ્રહાર સમાજ જાગૃતિ સંસ્થાની સિલ્વર જ્યુબીલી કાર્યક્રમમાં જણાવ્યુ હતું. ભાગવતે આ સાથે મોદી સરકારની એમ કહીને ટીકા કરી હતી કે યુધ્ધ ચાલતું નથી તો પછી આટલા બધા જવાનો શહીદ કેમ થાય છે. મોંઘવારી અને બેરોજગારી અંગેનું તેમનું નિવેદન સંઘના અને કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી દ્વારા વારંવાર આ અંગે થઈ રહેલી ટીકાઓ પછી આવ્યું છે.મોહન ભાગવતે કહ્યુ હતું કે હાલમાં દેશ કોઈની સાથે યુધ્ધ કરી રહ્યો નથી તો પછી આટલી વધી સંખ્યામાં શા માટે જવાનો શહીદ થઈ રહ્યા છે.ભાગવતે એમ કહ્યુ કે સરકાર પોતાનું કામ સરખી રીતે કરી રહી નથી તેના કારણે આમ થઈ રહ્યું છે. જ્યારે દેશને અંગ્રેજોથી આઝાદી મળી નહોતી તે વખતે સ્વતંત્રતા માટે જીવની કુરબાનીનો દોર ચાલતો હતો. કે પછી આઝાદી પછી જ્યારે યુધ્ધ થયું ત્યારે સૈનિકો શહીદ થતા હતા. આપણા જવાનો દુશ્મનો સમામે પોતાના જીવની બાજી લગાવીને લડતા હતા અને સરહદની સુરક્ષા કરતા હતા તેમ જણાવીને ભાગવતે સવાલ કર્યો હતો કે જ્યારે યુધ્ધ ચાલી રહ્યું નથી ત્યારે શા માટે જવાનો શહીદ થઈ રહ્યા છે? એનો અર્થ એ થયો કે સરકાર તેનું કામ યોગ્ય રીતે કરતી નથી. તેમણે જવાનોની બેકારણ શહીદી રોકવા માટે સરકારને અનુરોધ કર્યો હતો.

## અનામત વર્ગમાં નથી તેવી જાતિઓને બિનઅનામતના પ્રમાણપત્રો અપાશે

રાજયના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા બિન અનામત વર્ગની જાતિઓ નક્કી કરાઈ છે.આ યાદીમાં બિન-અનામત વર્ગની નવી જાતિઓ અને પર્યાવાચી શબ્દોનો સમાવેશ કરાયો છે.છતાં કોઈ બિન-અનામત જાતિનો સમાવેશ કરવાનો રહી ગયો હોય તેના માટે પણ જોગવાઈ કરાઈ છે.આવા ઉમેદવારોને મુશ્કેલી ન પડે તે માટે અનામત વર્ગમાં સામેલ ન હોય તે માટે અનામત વર્ગમાં સામેલ ન હોય તેવી જાતિના ઉમેદવારોને બિન-અનામત વર્ગમાં ગણીને સક્ષમ અધિકારીઓએ પ્રમાણપત્ર આપવાનું રહેશે.સરકાર મજુબ, પરિશિષ્ટ-છમાં એ બિન અનામત હિંદુ જાતિઓમાં પર્યાવાચી શબ્દો-નવી જાતિઓ ઉમેરી છે.જેમાં ૧૩-એ રાજપુત ગરાસીયા, હિંદુ દરબાર( જે એસઈસીબી-ઓબીસીમાં ન હોય તે)૪૨-એ, ભાનુશાળી,કચ્છ ભાનુશાલી,સિંધી ભાનુસાળી,ભાનુશાલી ૪૨-બી, હાલારી, કંસારા,૪૨બી મોઢ પટેલ( જે એસઇબીસી-ઓબીસી નહોય તે)૪૨-ડી કંદોઇ સુખડીયા (જેએસઇસીબી-ઓસીબીમાં ન હોય નો સમાવેશ કરાયો છે.સરકારે છઠ્ઠી ડિસે.,પરિશિષ્ટ-ચમાં સુધારા કરીને તમામ બિન-અનામત જાતિઓને સમાવવા પ્રયત્ન કર્યો છે.સરકારે બિન અનામતમાં હિંદુ,મુસ્લીમોની નવી જાતીઓનો ઉમેરો કર્યો છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




## અમેરિકાના ઇતિહાસમાં સૌથી લાંબામાં લાંબુ શટડાઉન : આઠ લાખ સરકારી કર્મચારીઓ પગાર વિહોણા

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મેકસિકો વોલ માટે ૫.૭ અબજ ડોલરની રકમ ફાળવવાની માંગ ને કારણે જાહેર કરવામાં આવેલું શટ ડાઉન અમેરિકાના ઇતિહાસમાં લાંબા દિવસોમાં ગતિ કરી રહ્યું છે.જેનો તાકીદે અંત આવે તેનું દેખાતું નથી.હાલનું શટડાઉન ૨૨ દિવસથી આગળ વધી ચુક્યુ છે.આ શટડાઉન ૨૨ ડિસેમ્બરે ચાલુ થયું હતું. અમેરિકન કોંગ્રેસ સમક્ષ ટ્રમ્પે મેક્સિકો વોલ બાંધવા માટે જંગી રકમ ફાળવવાની માંગણી કરી હતી. જ્યારે ડેમોક્રેટસ તેનો વિરોધ કરી રહ્યા છે.હાલ અમેરિકાના આઠ લાખ કર્મચારીઓ પગાર વિના કામ કરી રહ્યા છે.તેમને પેમેન્ટ સ્લીપ મળી હતી પણ પગાર મળ્યો ન હતો.સર્વેમાં લોકોએ રેકોર્ડબ્રેક શટડાઉન માટે ટ્રમ્પને જવાબદાર ગણાવ્યા છે.બીજી તરફ કટોકટી જાહેર કરાય તો તેને પહોચી વળવા માટે વહીવટીતંત્રે તમામ તૈયારીઓ શરુ કરી છે.અનિવાર્ય સંજોગોમાં સરકારની આવકમાંથી મેકસિકો વોલ માટે ફંડ ફાળવવા માટેના પ્રયાસો તેજ કરાયા છે.મડાગાંઠનો ઉકેલ લાવવ માટે છેલ્લી બેઠકમાં ટ્રમ્પે અમેરિકન કોંગ્રેસને કોઇ વિકલ્પ શોધવા તાકીદ કરી ત્યારે અન્ય લોકોએ ફંડ નહી ફાળવાય તેવું કહેતાં ટ્રમ્પ બાય...બાય.. કહીને બેઠકમાંથી ચાલ્યા ગયા હતા.

એક તરફ ટ્રમ્પના હઠાગ્રહની ટીકા થઈ રહી છે ત્યારે મડાગાંઠ ઉકેલવા અને શટડાઉનનો વહેલી તકે અંત લાવવા ટ્રમ્પ તેમજ રિપબ્લિકન્સે અમેરિકન સંસદને બીજો કોઇ વિકલ્પ શોધવા તાકીદ કરી છે.ટ્રમ્પે એવું કહ્યું છે કે તેઓ રાષ્ટ્રીય કટોકટી જાહેર કરવાની કોઇ ઉતાવળ કરશે નહીં. તેઓ હજી પણ ફંડ મેળવવા અમેરિકી કોંગ્રેસ સાથે સોદાબાજી કરવા માંગે છે.અને કોંગ્રેસ ફંડ ફાળવશે તેવી તેમને આશા છે.શટડાઉનનો અંત આવે ત્યારે કર્મચારીઓને પાછળનો પગાર ચુકવવા હાઉસ અને સેનેટ સંમતિ દર્શાવી છે.

હજારો ફેડરલ કર્મચારીઓએ શટડાઉનના વિરોધમાં વોશિંગ્ટન,ફ્લોરીડા,ન્યુયોર્ક,ઓરગેન સહિત પાંચ શહેરોમાં પ્રદર્શનો અને દેખાવો કર્યો હતો. ત્રણ કર્મચારી સંગઠનોએ ટ્રમ્પ શટડાઉન ખતમ કરીને પગાર આપે તેવી માંગણી કરી હતી.કેટલાકે પોસ્ટર્સમાં અમારે હડતાલ નહીં કામ જોઇએ છે તેવું લખ્યું હતું. ટ્રમ્પની કામબંધી પાછી ખેચો તેવા લખાણ લખ્યાહતા.

સત્તાવાળાઓ હાલ અન્ય



ખાતાઓમાંથી મેકસિકો વોલ માટે ફંડ ફાળવવા માટેના વિકલ્પ વિચારી રહ્યા છે.ખાસ કરીને આર્મી કોર્પ્સમાંથી ૧૩.૯ અબજ ડોલર ફાળવવા વિચારણા કરાઇ હતી.બીજો વિકલ્પ ડ્રગ્સ માફીયાઓ પાસેથી ન્યાય વિભાગે જપ્ત કરેલી રકમ ફાળવવાનો છે. ત્રીજો વિકલ્પ આર્મીના બાંધકામ ફંડમાંથી રકમ ફાળવવાનો છે.પણ આ તમામ વિકલ્પો ભવિષ્યમાં સરકાર માટે સમસ્યાઓ સર્જી શકે છે.

અમેરિકામાં શટ ડાઉનની સમસ્યા વહેલી તકે ઉકેલાય તેની તરફ સૌની નજર છે. પ્રમુખ તેમણે મેકસિકો સરહદે વોલ બાંધવાના નિર્ણયને વળગી રહ્યા છે અને તે વચનનું પાલન કરવા માટે પ્રતિબધ્ધ છે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્ક: એ. એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૫૮,૨૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.